# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૩/કવા–૦૩/૧૭–૧૮/ 3095-1 તા. 12-4-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
રેખાબેન સુરેશભાઈ કોટડીયા,
વિરપુર (જલારામ)
તા.જેતપુર,
જી. રાજકોટ

વિષય :– નવા ખેતીવાડી વીજજોડાણ સામે વાંધા અરજી
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૩–૦૩–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૬૩/કવા–૦૩/૧૭–૧૮)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી જેતપુર
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી નં.–૨, જામકંડોરણા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૬૩/ક્વા–૦૪/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૦૫–૦૪–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: રેખાબેન સુરેશભાઈ કોટડીયા, ગામ: વિરપુર ( જલારામ)

રજુઆત કરનાર: અરજદાર શ્રી રેખાબેન સુરેશભાઈ કોટડીયા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી નં.–૨, જામકંડોરણા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી જેતપુર)

રજુઆત કરનાર :એ.એમ.પાઘડાર – કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી જેતપુર

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વીજ જોડાણ સામે વાંધા અરજી**

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓનુ રાજકોટ જીલ્લા ના જામકંડોરણા તાલુકાના – ભાદરા ગામના સીમ સર્વે નંબર: ૩૮૭/૪ અને ૩૮૭/૫ વાળી જમીન – તેઓએ તા.૦૨–૦૭–૨૦૦૧ ના સમય થી – ઉપરોકત જમીન ના મુળ માલીકો સુર્યકાંત મનસુખલાલ પાસેથી કબ્જા સહીત વેચાણે લીધેલ છે. તથા સદર જમીન અંગે નામદાર ધોરાજી ની કોર્ટ મા – સ્પે. દિવાની કેસ નં.: ૦૯/૨૦૦૨ થી થયેલ કોર્ટ કેસમા તા.૨૯–૦૭–૧૭ નામદાર કોર્ટ આખરી ચુકાદો આપીને અરજદાર ની તરફેણ મા નિર્ણય આપેલ છે. તેમ છતા, પીજીવીસીએલ તરફથી સદર જમીન ના મુળ માલીકો – સુર્યકાંત મનસુખલાલ વ્યાસ ના નામે – ખેતીવાડી વીજજોડાણ આપવા બાબતે ની કાર્યવાહી કરવામા આવી રહી છે. જે ગેરકાયદેસર હોય – પીજીવીસીએલ દ્વારા **કરાયેલ** તમામ કાર્યવાહી રદબાતલ કરવા અંગે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ દ્વારા પોતાની સંયુકત માલીકી ની ખેતીવાડી ની જમીન જામકંડોરણા તાલુકાના – ભાદરા ગામે વીજજોડાણ મેળવવા માટે તા.૦૮–૧૦–૦૯ ના રોજ – પીજીવીસીએલ ની સબંધક પેટા વીભાગીય કચેરી નં.–૨, જામકંડોરણા મા નોંધણી કરાવેલ – જેનો સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મુજબ વારો આવતા, તેઓની અરજી ના અનુસંધાને અદ્યતન દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા અરજદાર ને જાણકારી અપાયેલ, જે અરજદાર દ્વારા રજુ થતા જરૂરી કાર્યવાહી કરી – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા – અરજદાર ને ભાવપત્રક તા.૧૫–૧૧–૧૭ ના રોજ ભાવપત્રક અપાયેલ હતુ. જે અરજદાર દ્વારા તા.૧૭–૧૧–૧૭ ના રોજ ભાવપત્રક ભરપાઈ થતા, તેઓનુ વીજ જોડાણ આપવા માટે ની કાર્યવાહી કરી અને લાઈનકામ પૂર્ણ કરેલ.<br>• (૨) ત્યારબાદ – સદર વીજ જોડાણ ને રીલીઝ કરવા – સદર કેઈસ ફાઈલ ની મંજુરી મેળવવા માટે વિભાગીય કચેરી જેતપુર ને તા.૨૨–૦૧–૧૮ ને મોકલવવામા આવેલ. જેની મંજુરી હજુ અપાયેલ નથી.<br>• (૩) આ સમયગાળા દરમ્યાન શ્રીમતી રેખાબેન સુરેશભાઈ કોટડીયા દ્વારા તા.૦૩–૦૧–૧૮ ના રોજ – સદર વીજ જોડાણ ન આપવા અંગે – વાંધા અરજી રજુ કરવામા આવેલ. જે અન્વયે – તેઓને પેટા વિભાગીય કચેરી દ્વારા પત્ર તા.૩૦–૦૧–૧૮ ના રોજ પ્રત્યુતર અપાયેલ છે. |

* (૪) શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ દ્વારા – પોતાનુ વીજ જોડાણ મેળવવા માટે – તા.૨૨–૦૧–૧૮ ના રોજ – એક અરજી ની સાથે બાંહેધરી ખત રજુ કરવામા આવેલ. ત્યારબાદ તા.૦૫–૦૨–૧૮ ના રોજ – તેઓના વકીલ શ્રી રમણીકલાલ એસ. પટેલ દ્વારા કાનુની નોટીસ – પીજીવીસીએલ ની સબંધક કચેરીઓને અપાયેલ. જેનો જવાબ – પીજીવીસીએલ ના પેનલ એડવોકેટ શ્રી રસીકલાલ ડી. વેકરીયા દ્વારા તા.૧૨–૦૩–૧૮ ના રોજ અપાયેલ.
* (૫) ઉપરોક્ત સદર બાબતે નામદાર મહે. એડીસનલ સીની. સીવીલ જજ ધોરાજી કોર્ટ મા સ્પે. દિવાની દાવા નં. – કેસ નં.: ૦૯/૨૦૦૨ નુ હુકનામુ તા.૦૨–૦૮–૧૭ ના રોજ કરાયેલ – તે મુજબ, સર્વે નંબરઃ ૩૮૭ / ૪ તથા સર્વે નંબરઃ ૩૮૭ / ૫ વાળી સીમ જમીન નવી શરતની હોય – તે અન્વયે કરારનામા ની શરત મુજબ – હાલ ના હુકમ થી દિન–૯૦ મા કલેકટર શ્રી રાજકોટ ની પરવાનગી શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ વગેરે એ મેળવી – શ્રીમતી રેખાબેન સુરેશભાઈ કોટડીયા ની તરફેણ મા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજીક કરી આપી – કન્વેયન્સ કરાવી આપવાનો હુકમ કરાયેલ છે. જો – કલેકટર શ્રી દ્વારા નવી શરત ની જમીન – જુની શરત મા ફેરવવા માટે ની પરવાનગી નામંજુર કરવામા આવે તો દાવા વાળી જમીન નુ – રજીસ્ટર્ડ દસ્તાવેજ વેચાણ કરવાનુ રહેશે નહી. અને શ્રીમતી રેખાબેન સુરેશભાઈ કોટડીયા દ્વારા શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ વગેરે પાસેથી કરાર મુજબ ની અવેજ ની ચુકવેલ રકમ રૂ.૭૦,૦૦૦/– દાવો દાખલ થયાથી વાર્ષિક –૦૬ % ના દરે વસુલ મેળવવા માટે હકકદાર રહેશે, તેમ હુકમ કરાયેલ છે.
* (૬) શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ દ્વારા – આજદિન સુધી કલેકટર શ્રી રાજકોટ ની પરવાનગી, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કે હુકમ મુજબ ની ભરપાઈ કરેલ રકમ ની વિગત – પીજીવીસીએલ ની સબંધક કચેરી ને અપાયેલ નથી, તેમજ – શ્રીમતી રેખાબેન સુરેશભાઈ કોટડીયા દ્વારા ઉપરોકત સદર નામદાર કોર્ટ ના હુકમ નુ પાલન ન થયા અંગે કન્ટેમ્પટ ઓફ કોર્ટ ની અરજી કરાયેલ નથી.

<u>મુદદા નં.–૩ :</u> : <u>નિષ્કર્ષ</u> :

<u>૩</u> ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે.

<u>૩.૧</u>

* (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, ફરીયાદી અરજદાર ની રજુઆત અન્વયે –રેખાબેન સુરેશભાઈ કોટડીયા દ્વારા – મહે. એડીસનલ સીની. સીવીલ જજ ધોરાજી કોર્ટ મા સ્પે. દિવાની દાવા નં. – કેસ નં.: ૦૯/૨૦૦૨ દાખલ તા.૧૬–૦૨–૦૨ મુજબ – શ્રી દિલીપ કુમાર મનસુખલાલ વ્યાસ,સુર્યકાંત મનસુખલાલ વ્યાસ – વગેરે પ્રતિવાદીઓ સામે – કરારનામા અંગે નુ વિશીષ્ટ પાલન કન્વેયન્સ કરાવવા બાબતે – દાવો દાખલ કરેલ. જે કેસ નો ફેસલ તા.૨૯–૦૭–૧૭ ના રોજ કરાયેલ હુકમ મુજબ, સર્વે નંબરઃ ૩૮૭ / ૪ તથા સર્વે નંબરઃ ૩૮૭ / ૫ વાળી સીમ જમીન નવી શરતની હોય – તે અન્વયે કરારનામા ની શરત મુજબ – હાલ ના હુકમ થી દિન–૯૦ મા કલેકટર શ્રી રાજકોટ ની પરવાનગી શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ વગેરે એ મેળવી – શ્રીમતી રેખાબેન સુરેશભાઈ કોટડીયા ની તરફેણ મા રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજીક કરી આપી – કન્વેયન્સ કરાવી આપવાનો હુકમ કરાયેલ છે. જો – કલેકટર શ્રી દ્વારા નવી શરત ની જમીન – જુની શરત મા ફેરવવા માટે ની પરવાનગી નામંજુર કરવામા આવે તો દાવા વાળી જમીન નુ – રજીસ્ટર્ડ દસ્તાવેજ વેચાણ કરવાનુ રહેશે નહી. અને શ્રીમતી રેખાબેન સુરેશભાઈ કોટડીયા દ્વારા શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ વગેરે પાસેથી કરાર મુજબ ની અવેજ ની ચુકવેલ રકમ રૂ.૭૦,૦૦૦/– દાવો દાખલ થયાથી વાર્ષિક –૦૬ % ના દરે વસુલ મેળવવા માટે હકકદાર રહેશે, તેમ ઠરાવેલ છે.
* (૨) સુર્યકાંત મનસુખલાલ વ્યાસ ભાદરા ગામ ના સર્વે નંબરઃ ૩૮૭ / ૫ મા ૭.૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે – તા.૦૮–૧૦–૦૯ ના રોજ રસીદ નંબરઃ સીપી ૯૫૩૨૧૨ થી રૂ.૨૦૦/–થી નોંધણીચાર્જ ભરપાઈ કરેલ છે. તેઓએ રજુ કરેલ ગામ ના નમુના – ૭–૧૨ અને હકક પત્રક નં–૬ મુજબ, દીપીશકુમાર દિલીપ કુમાર વ્યાસ, આકાશકુમાર દિલીપ કુમાર વ્યાસ,સુર્યકાંત મનસુખલાલ વ્યાસ, પાયલબેન દિલીપ કુમાર વ્યાસ ની સંયુકત માલીકી મુજબ – ખેતીવાડી સર્વે નંબરઃ ૩૮૭ / ૫ (હેકટર – ૩–૨૮–૮૧ ) થી જમીન આવેલ છે. તેઓની અરજી નો સામાન્ય પ્રતિક્ષાયાદી રજીસ્ટર મુજબ – વારો આવતા – જરૂરી કાર્યવાહી કરી તા.૧૫–૧૧–૧૭ ના રોજ –સુર્યકાંત મનસુખલાલ વ્યાસ ને ભાવપત્રક અપાયેલ હતુ.જે તેઓ દ્વારા તા.૧૭–૧૧–૧૭ ના રોજ ભાવપત્રક ભરપાઈ થતા, તેઓનુ વીજ જોડાણ આપવા માટે – પીજીવીસીએલ કક્ષાએથી માત્ર વીજલાઈનકામ પૂર્ણ કરેલ, પરંતુ, વીજ જોડાણ ને રીલીઝ કરાયેલ નથી.

| | |
|---|---|
| | • (૩) શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ દ્વારા – ઉપરોક્ત મુદદા નં. (૧) મુજબ પીજીવીસીએલ ની સબંધક કચેરી મા જે તે વખતે ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અરજી કરેલ. ત્યારે – ઉપરોક્ત મુદદા નં (૨) મુજબ ની વિગતે શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ દ્વારા – તેઓએ તેમની માંગણી મુજબ ના સ્થળ એટલેકે સર્વે નંબરઃ ૩૮૭ / ૫ ની જમીન કાનુની પ્રક્રીયા હેઠળ વિવાદીત હોવાની સત્ય હકીકત છુપાવેલ હતી. જેથી, પીજીવીસીએલ કક્ષાએથી – વીજ જોડાણ આપવાની કાર્યવાહી મા ફકત વીજલાઈનકામ પૂર્ણ કરાયેલ છે. પરંતુ, વીજ જોડાણ ને રીલીઝ કરાયેલ નથી.<br>• (૪) ઉપરોક્ત મુદદા નં. (૩) મુજબ ની હકીકતે – શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ દ્વારા તેઓએ તેમની માંગણી મુજબ ના સ્થળ એટલેકે સર્વે નંબરઃ ૩૮૭ / ૫ ની જમીન કાનુની પ્રક્રીયા હેઠળ વિવાદીત હોવા છતા – જેની જાણકારી પીજીવીસીએલ મા કરેલ નથી. તેમજ, તેઓ દ્વારા ઉપરોક્ત મુદદા નં. (૧) મુજબ ની – નામ. કોર્ટ ના આદેશ મુજબ ની કાર્યવાહી કરેલ હોય – તે મુજબ ના આધાર–પુરાવા રજુ કરેલ નથી.<br>• (૫) ઉપરોક્ત મુદદા નં. (૪) મુજબ ની વિગતે – ફરીયાદી અરજદાર શ્રી ની અરજી મા દર્શાવ્યા મુજબ – શ્રી સુર્યકાંત મનસુખલાલ વ્યાસ દ્વારા માંગવામા આવેલ ખેતીવાડી વીજજોડાણ ની જમીન વિવાદીત હોય –તેમજ, જે તે સમયગાળા દરમ્યાન ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી કરાયેલ હોય – જેથી, સદર જગ્યા ઉપર ખેતીવાડી વીજજોડાણ આપી શકાય નહી. જેથી – આ અરજી રદબાતલ કરવી, અને આગળ ની કાર્યવાહી પીજીવીસીએલ ના નિયમ અનુસાર કરવી. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૫) મુજબ ની વિગતે ની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.